ગાંધીનગર સમાચાર






## સલામી સવારની..

*બેઠા બાળવિયે ચોર બધાનાં મન હુદે છે,*
*પક્ષ નહીં, મનમાં મહત્ત્વાકાંક્ષાઓ કૂદે છે.*
*ખૂંદે ખટપટ, છૂંદે સિદ્ધાંતો - કરે કપટ -*
*ટાંટિયાખેંચ હોજમાં મૂલ્યો તો જાય બૂંદે છે...*

હાઈકુ

*કર્તવ્યો પ્રત્યે -*
*બેઠા આંખ મીંચીને -*
*યોગ-ધ્યાનમાં...*
*(બગ ભગતો...)*

*ત્રણ વર્ષની*
*સિદ્ધિઓની બાંગોમાં*
*પડે પડધા!*
*(પ્રધાનમંડળમાં ફેરબદલ?)*

## ચિંતન

*મૈં સિર મૈં મારહૂ, મૈં જારૌં મૈં ખાંબ ।*
*જલ થલ મેં હી રમિ રહોં, મોર નિરંજન નાંવ ॥*

**ઉપરોક્ત સાખી ખબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**પરમાત્માને મરતી વખતે ભયાનક સ્વરુપ વાળા યમદેવનું દર્શન થાય છે અને તે કહે છે, હું જ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર છું, હું સર્વને મારનારો છું, હું જ સર્વને ખાઈ જનારો છું, તપના પ્રભાવથી અધિકાર પ્રાપ્ત કરીને નિરંજન પોતાને ઈશ્વર કહેવા લાગ્યા છે.**

**નિરંજન યમરાજ છે, યામ્યપદ ઈશ્વરપદ છે. યમરાજ કહે છે કે, જગત ને સર્જનાર, પાલન કરનાર, અને સંહારનાર હું છું. પાપી પુરુષ ને મરણ સમયે યમરાજના દર્શન થય છે. યમરાજ તેને કહે છે કે હું તારા સઘળા શુભ કે દુષ્ટ કર્મોને જાણું છું એટલે તારે પણ તારા કર્મોનાં ફળ ભોગવવા જ પડશે.**

## સુવિચાર

- જયારે આપણે આપણી રોટીનો વિચાર કરીએ છીએ ત્યારે તે ભૌતિકવાદ, અને જયારે આપણે બીજાની રોટીનો વિચાર કરીએ છીએ ત્યારે તે અધ્યાત્મવાદ - **જયપ્રકાશ નારાયણ**
- ભૂલ ફોતે અંધ છે, પરંતુ તે એવાં સંતાન ઉત્પન્ન કરે છે જે જોઈ શકે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સારું મેળવવું એ પાશવતા છે, સારું કરવું એ માણસાઈ છે, સારા બનવું એ દેવતાઈ છે - **સંત માર્ટીન**
- ‘કોઈની પાસે કાંઈ પણ માગવું નહિ’ એવો સંકલ્પ જેણે કર્યો છે તે જ માણસ ખરેખર સ્વતંત્ર છે - **વિવેકાનંદ**
- મહાન દુઃખોમાં આત્માને વિશાળ બનવાની મહાન શક્તિ છ - **અખંડ આનંદ**
- ‘વચન’ એટલે ભવિષ્યને હુકમ કરવાની માણસની અનોખી રીત - **હદીસ બોધ**
- આજનું ઔષધ : ઠંડા દૂધ સાથે અડધી ચમચી શતાવરીનું ચૂર્ણ લેવાથી એસીડીટીમાં રહાત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સંત બાલયોગેશ્વર દાસ મસુરી ગયા હતા. અપરિગ્રહી સંત કોઈની પાસેથી કંઈ જ લે નહીં. એમની વાતો સરળ અને જીવનમાં કામ લાગે તેવી. એમના અનુયાયીઓ વધવા લાગ્યા. તેઓએ સંતને આગ્રહ કરી આશ્રમ સ્થાપવા દાન એકઠું કરી સંતને અર્પણ કરવાની યોજના બનાવી.

સંતે કહ્યું કે હું વરસના દસ માસ પરિભ્રમણ કરું છું. એ સમયમાં અહીં શાળા ચાલશે. ઉનાળાના બે મહિના હું અહીં આવીને રહીશ. મારી આ શરત મંજૂર હોય તો જ આશ્રમ બનાવવો.

આમ, દસ મહિના ત્યાં શાળા ચાલે છે ને ઉનાળામાં બે મહિના ત્યાં સંત બાલ યોગેશ્વરદાસનો આશ્રમ બની જાય છે. બીજા સંતોએ આમાંથી કંઈક શીખવું જોઈએ. ખ્રિસ્તી ધર્મમાં તો દેવળ શાળા સાથે જોડાયેલું હોય છે. આપણા ધર્મમાં પણ પહેલા આવું જ હતું પછી શાળા અને મંદિર કે આશ્રમ અને વિદ્યાભ્યાસ અલગ બન્યા.

# નમામિ દેવિ નર્મદે!

નર્મદા ડેમના બધા જ દરવાજા બંધ કરવાની પરવાનગી મળતાં સાચે જ ગુજરાતની પ્રજાએ વર્ષો સુધી કરેલી તપસ્યા ફળી છે. નર્મદા ગુજરાતની જીવાદોરી હોવાનું આપણા પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ પણ માનતા હતા. સરદાર પટેલ તો જાતે જ ખેડૂત પરિવારનું ફરજંદ, એટલે સિંચાઈ વિહોણી જમીન માટે નદીઓને નાથવાના પં. નહેરુના ક્રાંતિકારી વિચારને એમનું અનુમોદન સાંપડે તે સ્વાભાવિક હતું. પરંતુ સતલજ પર ભાખરાનંગલ ડેમ બાંધવામાં ઝાઝી તકલીફ ન પડી જયારે નર્મદા ડેમનું કામ ખોડંગાતું ખોડંગાતુ છેક આજની તારીખ સુધી લંબાયું. એની પાછળનું પ્રાદેશિક રાજકારણ જાણીતું છે. પંજાબ સામે સતલજને નાથવાના મુદ્દે કોઈ વિરોધ કરનારું નહોતું જયારે નર્મદા તો ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં વસનારી પ્રજાને પણ સીધી કે આડકતરી રીતે અસર કરતી હોઈ એને ગુજરાતના હિતમાં નાથવા જતાં પાડોશી રાજયોની સરકાર અને પ્રજા - બેઉનો વિરોધ વહોરવો પડે એમ હતો. ઉપરવાસના વિસ્થાપિતોને પુનઃ સ્થાપિત કરવાની તમામ શરતો ગુજરાતે કબૂલ મંજૂર રાખ્યા પછી પણ પર્યાવરણવિદો અને બાબા આમટે કે મેઘા પાટકર જેવા કર્મશીલો નર્મદા યોજનામાં સતત રોડાં નાખતા રહ્યા, જેનો પ્રતિકાર કરવાનું કામ ધારીએ છીએ એલું સહેલું ન હતું. એ બધા દેશની અદાલતોથી લઈ આંતરરાષ્ટ્રીય મંચ સુધી હોબાળો મચાવતા રહ્યા છતાં ગુજરાત રૂપી હાથી એની પોતીકી ગતમાં ચાલતો રહ્યો અને આખરે એ તમામ પરિબળોને હાંસિયે ધકેલી દઈ પોતાની મંજિલ આંબીને જંપ્યો. નર્મદાનું અવતરમ કોઈ ભગીરથ કાર્યથી ઊણું કે ઊતરતું નહોતું. પણ એનો જશ એકાદ-બે નેતાઓના ખઆતે ચડાવી દેવો એ તો નરી નાદાની જ લેખાશે. નર્મદાના અવતરણમાં અત્યાર સુધીના તમામ વડાપ્રધાનોનો વધતો-ઓછો ફાળો રહ્યો છે,

**તંત્રીસ્થાનેથી...**

અને ગુજરાતના તમામ મુખ્યમંત્રીઓ આ મુદ્દે પ્રો-એક્ટિવ રહ્યા છે. શું નર્મદાનું નામ પડતાની સાથે બાબુભાઈ જશભાઈ અને ચિમનભાઈ પટેલનું સ્મરણ નથી થતું? માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીના શાસનકાળમાં નર્મદા યોજનાને નડતા વિઘ્નો દૂર કરવામાં સરકારે લીધેલા શ્રમને કોઈ નજર અંદાજ કરી શકે એમ છે? કેશુભાઈ પટેલના શાસનકાળમાં ડેમની ઊંચાઈ વધારવાની મંજૂરી મળેલી તે ભૂલી શકાશે? અરે, સનત મહેતાએ તો આખી જિંદગી જ નર્મદા ચિંતનમાં ખરચી નાખી હતી. અને એટલો જ ભગીરથ પરિશ્રમ ભરૂચનું પ્રતિનિધિત્વ કરતા રાષ્ટ્રીય નેતા અહમદ પટેલ કરતા રહ્યા છે. સ્વ. ચૂનીલાલ વૈદ્ય જેવા લોકસેવક અને ક્રાન્તદ્રષ્ટા સંત સ્વામી સચ્ચિદાનંદજીએ નર્મદા પ્રશ્ને લોકજાગૃતિ આણવાથી લઈ દિલ્હી દરબાર સામે મોરચો માંડ્યો હતો તેની ઈતિહાસ નોંધ લીધા વિના રહી શકશે ખરો? આજના નેતાઓ એટલા નસીબદાર કે વર્ષો સુધી પીરસાતી રહેલી નર્મદા મૈયાની થાળી પર બેસવાની એમને તક સાંપડી છે. વડાપ્રધાનપદે ગુજરાતના જ પૂર્વ મુખ્યમંત્રી બેઠા હોય ત્યારે સ્વાભાવિક છે કે અધૂરપો એ ઊણપોનો ઉકેલ આણવામાં સરળતા રહે. નરેન્દ્ર મોદી એટલા ભાગ્યશાળી અને વિજયભાઈ તથા નીતિશભાઈ પણ એટલા જ નસીબદાર કે આ સુવર્ણ ઘડી એમના શાસનકાળ દરમિયાન આવી. હવે જયારે એનો રાજયવ્યાપી મહોત્સવ ઊજવવાની જાહેરાત થઈ છે અને ખુદ વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ યોજાવાનું છે ત્યારે એને કેવળ ભારતીય જનતા પાર્ટીની સિદ્ધિ ગણી વટાવી ખાવાને બદલે ગુજરાતના તમામ પૂર્વ મુખ્યમંત્રીઓ અને તત્કાલીન શાસક પક્ષને પણ એ જસમાં અને જશનમાં ભાગીદાર બનાવશે તો એથી એક સહિયારા પુરુષાર્થનો ‘પોઝિટિવ મેસેજ’ જશે.

# ક્લીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ-૨૦૧૦ : દર્દીના હિતના રક્ષણનો કાયદો

દવાખાના એ કોર્પોરેટ હાઉસ કે દુકાન કે મોલ નથી કે નફા નુકશાનનો હિસાબ કરાય, માનવતા દાખવવી એ પ્રાથમીકતા છે.

દેશમાં દર્દીઓના હિતના રક્ષણ માટે ૨૦૧૦ માં કેન્દ્ર સરકારે ક્લીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ-૨૦૧૦ પસાર કરેલ પરંતુ આજદિન સુધી કોઈ નક્કર નિયમો રાજય સરકારે બનાવેલ નથી કે ગાઈડ લાઈન બહાર પાડેલ નથી ગુજરાત સરકાર વિકાસમાં ભલે અગ્રેસર હોય પરંતુ આ એક્ટ અમલમાં મુકવામાં પાછળ છે.

ગુજરાત સરકારનું ખાનગી પ્રેકટીસ કરતા ડોકટરો તથા ખાનગી હોસ્પિટલ ઉપર કોઈ જ નિયંત્રણ નથી આ બાબતે ઘણા જટીલ પ્રશ્નો છે જે દર્દી તથા તેમના સગાઓએ સહન કરવા પડે છે.

૫૦ થી વધારે પથારી ધરાવતી દરેક હોસ્પિટલમાં આ કાયદો ફરજીયાત લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદો પસાર થતા દર્દીને કઈ સર્જરી અથવા સારવાર કરાવે છે તેના ઉપર એક બીલીંગ નક્કી થઈ જશે જેમ કે એજયુકેશન એક્ટ ૨૦૧૭ અન્વયે શાળાની ફી રાજય સરકારે નક્કી કરી તેનાથી વધારે ફી લેવી ગુન્હો બને છે તે મુજબ સર્જરી માટે નક્કી કરેલ દર જ હોસ્ટિલ દર્દી પાસેથી લઈ શકશે તેનાથી વધારે સર્જરી કે સારવાર પેટે કે હોસ્પિટલમાં દાખલ થવા બાબતે અન્ય રીતે વધુ નાણા દર્દી પાસેથી ઉઘરાવી શકશે નહિ. રાજય સરકારે સારવાર માટે નક્કી કરેલ દર જ હોસ્પિટલ લઈ શકશે જે દરેક ખાનગી હોસ્પિટલ માટે સમાન હશે.

રાજય સરકા દરેક વસ્તુ કે સેવાનું પ્રાઈઝ કન્ટ્રોલમાં મુકી શકતી હોય તો મેડિકલ સેવાને કેમ નહિ ? તેવા પ્રશ્નો ઉભા થયા છે પરંતુ કેટલાક મેડિકલ માફીયા આ પ્રકારનો કાયદો લાગુ કરવા માંગતા નથી કેટલીય મોટી હોસ્પિટલો સેવાના નામે, ફેસેલીટીના નામે દર્દીઓ સાથે ઉઘાડી લૂંટ ચલાવે છે મૃત્યુ પામેલ દર્દીને રાખવાના પણ પૈસા વસુલ કરેલ છે બોડી આપવાના પણ પૈસા વસુલ કરેલ છે મડદાનો પણ વેપાર કરી નાંખી માનવતાનું પોસ્ટ મોર્ટમ કરી નાંખે છે જેને અંકુશમાં લેવા ક્લીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટની ખાસ જરૂર છે. ગુજરાતમાં મેડિકલ ટુરીઝમના નામે સારવારનો રીતસર ધંધો ચાલે છે. વિદેશમાંથી કેટલાય એજન્ટો આ માટે સક્રિય છે જેના કારણે મોટી હોસ્પિટલો ચાલે છે. સારવારને ઉદ્યોગ ગણી માનવતાને બાજુએ મુકી નફો નુકશાન ગણી કોર્પોરેટ હાઉસની જેમ હોસ્પિટલ ચલાવે છે.

હોસ્પિટલ કે ડોકટરની બેદરકારીથી દર્દીનું મોત નિપજે તો દર્દીના સગાને ૧૦ લાખથી ૫૦ લાખ સુધીનું વળતર હોસ્પિટલે ચુકવવું પડશે. વળતર ના ચુકવે તો માત્ર હાઈકોર્ટમાં જ કેસ દાખલ થઈ શકશે નીચલી કોર્ટમાં વળતર અંગેનો કેસ ચાલશે નહિ. આમ પણ ટ્રાયલ કોર્ટમાં વળતરના કેસો ટ્રાયલ મુજબ જ વર્ષોથી સીવીલ પ્રોસીઝર કોડની જોગવાઈ મુજબ




ચાલ્યા કરે છે અને ટેકનિકલ કાયદાકિય લાભ લઈ આરોપી છટકી જાય છે કેટલાક કિસ્સામાં બેદરકારીથી મૃત્યુ બાદ પણ ચાર્જ ચુકવ્યા સીવાય હોસ્પિટલ સત્તાવાળાઓ દર્દીના સગાને મૃતદેહ આપતા નથી. આવા પ્રકારના બનાવોમાં હોસ્પિટલના સંચાલકો અને ડોકટર સામે ફોજદારી ધારા પ્રમાણે કાર્યવાહી કરી શિક્ષાત્મક પગલા ભરવામાં આવશે.

નાણાના કારણે કોઈ હોસ્પિટલ કે ડોકટર દર્દીનો મૃતદેહ બાનમાં લઈ શકે નહિ હોસ્પિટલ એ માનવતાના ઉમદા મૂલ્યોના પાલન માટે સેવાકિય પ્રવૃત્તી છે નફાકિય પ્રવૃત્તિ કરી ધંધો કરવાની દુકાન કે મોલ નથી તે હોસ્પિટલ સત્તાવાળાઓએ પ્રથમ સમજી દર્દીના સગાઓ સાથે માનવીયતા ભર્યું સુમેળભર્યું વર્તન કરવું પડશે મૃતદેહ પરત ના આપવા બોડિગાર્ડનો ઉપયોગ જલાદ કરતા વધુ અમાનવીય અને ક્રુર છે.

રાજસ્થાન ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી એ માટે કેન્દ્ર અને રાજય સરકાર સામે લડત આરંભી છે. મોટાભાગના રાજયમાં એમસીઆઈના નિયમોનું પાલન થતું નથી ડોકટરે પોતાના દવાના રીપોર્ટ નીચે રજીસ્ટ્રેશન નંબર લખવો ફરજીયાત છે પરંતુ કોઈ જ ડોકટર તેનો અમલ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પ્રાર્થના તો શબ્દનીય પાર હોવી જોઈએ, એ જ નિરાકારનો આકાર હોવી જોઈએ

પ્રાર્થના તો શબ્દનીય પાર હોવી જોઈએ,
એ જ નિરાકારનો આકાર હોવી જોઈએ.
હો સવારે કે પછી સાંજે ભલેને હો ભલા.
ઈશની સાથ જરા લટાર હોવી જોઈએ.

- ડૉ. મુકેશ જોષી

પ્રાર્થના એ ઈશ્વર સાથેનો આપણો સીધો સંવાદ છે. જયારે ખુશ હોઈએ ત્યારે અને દુઃખી હોઈએ ત્યારે પણ ઈશ્વર સાથેનો આ સંવાદ અવિરતપણે ચાલ્યા જ કરે છે. કયારેક રોષ અને ગુસ્સા તરીકે ભભૂકી ઊઠતો તો કયારેક આજીજી અને વિનવણી સ્વરુપે પ્રગટી ઊઠતો આ સંવાદ કોઈ પણ ઉંમર અને કોઈ પણ પરિસ્થિતિમાં વ્યક્ત કે અવ્યક્ત સ્વરુપે વહ્યા જ કરે છે. જે વ્યક્તિ નિયમિતરૂપે પ્રાર્થના કરતી હોય તે જીવનના દરેક ઉતાર-ચડાવને સાક્ષીભાવે અનુભવવા સમક્ષ બની જાય છે. જો કે, પ્રાર્થના એટલે સંસ્કૃતના ભારેભરખમ શ્લોકનું ઉચ્ચારણ માત્ર નહિ પરંતુ, હૃદયમાંથી વ્યક્ત થતી સીધે-સીધી અને સરળ અભિવ્યક્તિ. નાના-મોટા, ગરીબ-તવંગર, સારા-ખોટા દરેકે દરેક વ્યક્તિની પ્રાર્થના કરવાની રીત અલગ અલગ હોઈ શકે પણ ઉદ્દેશ્ય સૌનો સમાન રહે છે. જો કે, અમુક લોકો માટે પ્રાર્થના એટલે યાચના જયારે અમુક લોકો માટે એ ઈશ્વરનો આભાર વ્યક્ત કરવાની પ્રક્રિયા હોઈ શકે ! જયારે કેટલાક વ્યક્તિ માટે તેમનું કાર્ય એટલે કે કર્મ એ જ તેમનો પરમેશ્વર.

છોટુભાઈ પુરાણીના નાના ભાઈ અંબુભાઈ. ગુજરાતમાં અખાડા પ્રવૃત્તિના સ્થાપક તરીકે પુરાણીબંધુઓ ઘેર ઘેર જાણીતા થયા. મોટા ભાઈએ અંબુભાઈને પણ વ્યાયામમાં તૈયાર કર્યા. છોટુભાઈની ભાવના એવી કે, હું મોટો એટલે મારું મોત પહેલા આવશે; એ વખતે અખાડા પ્રવૃત્તિ ચાલુ રાખવાની જવાબદારી અંબુભાઈ ઉઠાવી શકશે. માણસો આવે ને જાય, પરંતુ રાષ્ટ્રની પ્રવૃત્તિ તો અખંડિત ચાલુ રહેવી જોઈએ. માટે તે અંબુભાઈ પર મદાર બાંધી રહ્યા હતા. પણ પછી બન્યું એવું કે અંબુભાઈને પોડિંચેરીનો સાદ સંભળાયો. ત્યાં જઈને અરવિંદ આશ્રમમાં પ્રભુની શોધમાં એ બેસી ગયા. છોટુભાઈની ગણતરી ઊંધી વળી ગઈ. બેય ભાઈઓ વચ્ચે પ્રેમસંબંધ એવો ને એવો કયારેક મળવાનું થાય ત્યારે અંબુભાઈને છોટુંભાઈ કહેતા : ‘તારા ભગવાનને મળવાની મને ફુરસદ નથી. તને એ કયાંક ભેટી જાય તો મારી સલામ કહેજે ને મારા અખાડા જોવા મોકલજે. મારા ભગવાન મારા અખાડામાં છે. માટે જ ડોંગરેજી મહારાજે કહ્યું છે કે, ‘દરેક મનુષ્યને એક મિત્ર હોય છે તે હંમેશા એને ગુપ્ત મદદ કરતો જ રહે છે. મનુષ્યને એ કહેતો હોય છે કે, ‘ધરતી ખેડવાનું કામ તારું, વરસાદ વરસાવવાનું કામ મારું... બીજ વાવવાનું કામ તારું, અંકુર પ્રગટાવવાનું કામ મારું... તું ખેતર સાચવજે, હું અન્ન પકવીશ... તું ભોજન કરજે, હું અન્ન પચાવીશ.’ એ મિત્ર તે જ ઈશ્વર. માનવજીવન એ ઈશ્વરનો છૂટો પડેલો અંશ છે. સૌમ્ય મોશીની આ રચના પ્રાર્થનાનું કંઈક અલગ જ સ્વરુપ દર્શાવે છે,

“ઠોકરની સાથે નામ તુજ લેવાય છે ઈશ્વર,
તું કેવો અકસ્માતથી સર્જાય છે ઈશ્વર.
હેઠો મૂકાશે હાથને ભેગા થશે પછી જ,
કોશિશ જયાં પતે પતે ત્યાં જ શરુ થાય છે ઈશ્વર.
જો દૂર પેલી વસ્તીમાં ભૂખ્યા છે ભૂલકાં,
લાગે છે તને દૂરનાં ચશ્માં ય છે ઈશ્વર.
કે’છે તું પેલા મંદિરે છે હાજરહજૂર,
તું પણ શું ચકાચોંધથી અંજાય છે ઈશ્વર ?
થોડા જગતના આંસુઓ, થોડા મરીઝના શે’ર,
લાવ્યો છું જુદી પ્રાર્થના, સંભળાય છે ઈશ્વર?
એ નામ! હું ય માનતો થઈ જાઉં છું ત્યારે,
મારામાં જયારે માનતો થઈ જાય છે ઈશ્વર.’

આજના આ યુગમાં આપણે દરેક બાબતમાં થોડા વધુ તાર્કિક બન્યા છીએ ત્યારે પ્રાર્થના શા માટે ? ઈશ્વર ખરેખર છે ખરો ? જેવા પ્રશ્નો ઉદ્ભવે છે અને એનો ઉત્તર આ વાર્તામાં ખૂબ જ સુંદર રીતે આલેખાયેલો છે :




‘ઈશ્વરનું અસ્તિત્વ’ -

‘આ ભગવાન વગવાન વગેરે બધુંખોટુંછે, એક ધતિંગ છે..! મેડિકલ સાયન્સ જ સાચો પરમેશ્વર છે. ગયા પચાસ વર્ષમાં મેડિકલ સાયન્સ થકી જેટલા જીવ બચ્યા છે, એટલા તો આ સેંકડો વર્ષમાં ભગવાને કોઈના નહીં બચાવ્યા હોય. મને તો અમસ્તી જ સહાનુભૂતિ થઈ આવે છે એવા લોકોની, કે જેઓ ઓપરેશન થિયેટરની બહાર પણ ઈશ્વરની પ્રાર્થના અને સ્તુતિ કરતા બેઠા હોય છે.’

ડોકટરના આ વાક્ય પર સમસ્ત સભાગૃહ બધાનાં ખડખડાટ હાસ્યથી ગુંજી ઉઠ્યું. ડોકટર સાહેબ એક મેડિકલ કોન્ફરન્સમાં બોલી રહ્યા હતા. તેઓ શહેરના નિષ્ણાત ડોકટર હતા, જેમને મળવા માટે પેશન્ટોની લાઈન લાગતી.અઠવાડિયાઓ સુધી તેમની એપોઈન્ટમેન્ટ માટે રાહ જોવી પડતી.

કોન્ફરન્સ પુરી કરીને ડોકટર ઘરે આવવા નીકળ્યા. રસ્તામાં હતા, ત્યારે જ તેમની શ્રીમતીનો મેસેજ આવ્યો - ‘હું મમ્મીને મળવા જાઉં છું, અને ત્યાં જમીને આવીશ. છોકરાઓ અને પપ્પાજી મુવી જોવા ગયા છે, અને તેઓને આવતા મોડું થશે. તમારું જમવાનું ટેબલ પર ઢાંકીને રાખ્યું છે, ગરમ કરીને જમી લેજો.’

ડોકટર ઘરે આવ્યા. હાથ પગ ધોઈને જમવા બેઠા. જમી લીધા બાદ, તેમને ધ્યાનમાં આવ્યું કે, બહુ બધું ખાવાનું વધ્યું છે. ઘરે હવે કોઈ જમવાનું બાકી નથી, તો તે બધું ફેંકી દેવા કરતાં કોઈ ગરીબ ભુખ્યાને આપી દેવું સારું. -એમ વિચારી એક થેલીમાં બધું ભરીને, ઘરમાંથી બહાર આવી, લિફ્ટમાં નીચે ઉતરવા લાગ્યા.

લિફ્ટમાં તેમને પોતાનાં જ શબ્દો કાનમાં ગુંજવા લાગ્યા- ‘આ ભગવાન વગવાન વગેરે બધું ખોટું છે...એક ધતિંગ છે - ભાષણમાંનું આ વાક્ય કદાચ પોતાનું પરમ પ્રિય વાક્ય હતું.

ડોકટર સાહેબ સંપૂર્ણ નાસ્તિક હતા. ઈશ્વર જેવી કોઈ જ વાત, વ્યક્તિ કે શક્તિ આ જગતમાં નથી, એ વાત પર તેઓ મક્કમ હતા. જગતમાં એક જ વસ્તુ સત્ય છે, અને તે છે મેડિકલ સાયન્સ, બાકી બધું નર્યું તૂત...!

પોતાના જ વિચારોમાં ને વિચારોમાં ડોકટર બિલ્ડીંગનું કમ્પાઉન્ડ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પશ્ચિમ બંગાળમાં ગોરખાલૅન્ડ અને કૂચબિહાર રાજ્યની માંગ

દીર્ઘદૃષ્ટા રાજપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે બ્રિટિશ શાસકોની ભારતમાંથી વિદાય સાથે જ ૫૬૨ જેટલાં દેશી રજવાડાંને સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવીને ભારત સાથે જોડીને વર્તમાન નક્શાને આકાર આપ્યો હતો. હવેના સર્વપક્ષી રાજકીય નેતાઓ અને શાસકો સરદારનું કર્યુંકારવ્યું ધૂળમાં મેળવતા હોય છે, એ રીતે ફરીને એ રજવાડાંની પ્રજાને અલગ અલગ રાજ્યોમાં વિભાજિત કરી રહ્યા છે. અત્યારે ભારતમાં ૨૯ રાજ્યો અને ૭ કેન્દ્રશાસિત પ્રદેશ છે. નાનાં રાજ્યો થકી વહીવટી વધુ સારો થઈ શકે એવી ભૂમિકા પ્રગટપણે લેવાય તો છે, પણ નવાં રાજ્યો પણ

- નાનાં રાજ્યો માટે ભાજપીસમર્થનથી વૉટનાં તરભાણાં ભલે ભરાય,પણ સરદારના કર્યાકારવ્યા પર પાણી
- રાજકીય સ્વાર્થથી લોકપ્રિય માગણીઓને ટેકો આપતા તૃણમૂલ સહિતના પક્ષોનો સત્તા મળ્યા પછી નન્નો
- ગોરખાસ્તાનથી ગોરખાલૅન્ડ સુધીની હિંસક ચળવળ : સુભાષ ઘિશિંગના આંદોલનમાં ૧૨૦૦ હોમાયા હતા
- કેન્દ્રની સરકાર અત્યારે અક્કડ મુખ્યમંત્રી મમતા બેનરજીને ખબર પાડી દેવાના મૂડમાં જોવા મળે છે

રગશિયા ગાડાની જેમ જ કાર્યરત રહેતાં હોવા છતાં વધુને વધુ નવાં રાજ્યો માટેનાં આંદોલનો અને હિંસક અથડામણો ચાલતી રહે છે. આજકાલ પશ્ચિમ બંગાળમાં ગોરખાલૅન્ડ અને કૂચબિહાર ઉપરાંત દેશભરનાં બીજા રાજ્યોમાં પણ અલગ રાજ્યો રચવાની આકાંક્ષાને પગલે સંઘર્ષ ચાલી રહ્યા છે. વર્ષ ૨૦૦૦માં કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની ભાજપના નેતૃત્વવાળી ઍનડીએ સરકાર હતી ત્યારે બિહારમાંથી ઝારખંડ, મધ્ય પ્રદેશમાંથી છત્તીસગઢ અને ઉત્તર પ્રદેશમાંથી ઉત્તરાખંડ રાજ્યની રચના કરાઈ હતી.

ભાજપના ચૂંટણીઢંઢેરામાં મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ અને આંધ્ર પ્રદેશમાંથી અલગ તેલંગણ રાજ્યની રચનાનો સમાવેશ હોવા છતાં બંને પ્રદેશોમાંના એ વેળાના મિત્રપક્ષો શિવસેના અને તેલુગુ દેશમ્ પાર્ટીના વિરોધને કારણે, ત્રણ રાજ્યોની રચના સાથે, વધુ બે રાજ્યોને વાજપેયી સરકાર આકાર આપી શકી નહોતી. જોકે, વર્ષ ૨૦૧૪માં આંધ્રમાં કૉંગ્રેસની સરકારના વિરોધ છતાં કેન્દ્રની કૉંગ્રેસના વડપણવાળી યુપીએ સરકાર થકી તેલંગણ રાજ્યની રચના કરવામાં આવી હતી. આ ઘટનાક્રમ પાછળ પણ મતનું રાજકારણ હોવા છતાં જરૂરી નથી કે તમામ પક્ષોની મહેચ્છાની પૂર્તિ થઈ હોય. હજુ પણ ઘણાં રાજ્યોની રચના માટેની માગણી ઊભી જ છે. અત્યારના ઉત્તર પ્રદેશમાંથી ચાર રાજ્યોની રચના કરવાનો માયાવતી સરકારે વિધાનસભામાં કરાવેલો ઠરાવ હજુ ઊભો જ છે. પશ્ચિમ બંગાળમાં માર્કસવાદીઓની સરકાર હતી ત્યારે તૃણમૂલ કૉંગ્રેસનાં નેતા મમતા બેનરજી અને ભાજપની નેતાગીરીએ ગોરખાલૅન્ડ અને કૂચબિહાર રાજ્યની રચનાને ટેકો આપ્યો હતો, પણ રાજ્યમાં સત્તામાં આવીને મુખ્યપ્રધાન મમતા બેનરજીએ ગોરખાલૅન્ડ કે કૂચબિહાર રાજ્યની રચનાનો વિચાર માંડી વાળ્યો. ભાજપ થકી ગોરખાલૅન્ડની માગણી સંતોષવાના વચન સાટે મે ૨૦૧૪માં દાર્જીલિંગ બેઠક પરથી ભાજપના એસ. એસ. આહલુવાલિયા (અગાઉના કૉંગ્રેસી પ્રધાન અને હવે મોદી સરકારના પ્રધાન) જીતી શક્યા, પણ બંગાળના અર્થતંત્ર માટે ચાના બગીચા તથા પ્રવાસીઓને કારણે ખૂબ મહત્ત્વના આ વિસ્તારને અલગ રાજ્ય આપવાનો હવે પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ દિલીપ ઘોષ વિરોધ કરી રહ્યા છે. સત્તાપ્રાપ્તિના લક્ષ્યને પૂર્ણ કરવા સુધી વચનોની લ્હાણી કરવામાં તમામ રાજકીય પક્ષો અગ્રેસર રહે છે પણ એ પછી સત્તા મળતાં એમના સ્વર બદલાઈ જાય છે.ક્યારેક વાજપેયીના વડપણવાળી સરકારમાં મંત્રી રહેલાં મમતા હવેની ભાજપી નેતાગીરીને ગાંઠતાં નથી.એટલે હમણાં બંગાળ સરકારે ગોરખા આંદોલનકારી નેતાઓને ત્યાં દરોડા પાડીને પકડેલી વાંધાજનક સામગ્રીના મુદ્દે રાજકારણ ગરમ થયું છે અને કેન્દ્ર સરકાર રાજ્ય સરકાર પાસેથી અહેવાલો મંગાવીને ભીંસ વધારી રહી છે. કેન્દ્ર અને રાજ્યની સરકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો નહીં રહેતાં નવી રાજકીય અથડામણો સર્જાઈ રહી છે.




ગોરખા પ્રજાના અલગ ગોરખાલૅન્ડનો વિચાર સુભાષ ઘિશિંગનો છે. ૧૯૮૦ના ગાળામાં ગોરખાઓના નેતા સુભાષ ઘિશિંગના વડપણવાળા ગોરખા નેશનલ લિબરેશ ફ્રંટ (જીએનએલએફ)ના ૧૯૮૦ના ગાળામાં ચલાવાયેલા હિંસક આંદોલનમાં ૧૨૦૦ જેટલા લોકોના જાન ગયા હતા. એ વેળાના માર્ક્સવાદી મુખ્યપ્રધાન જ્યોતિ બસુએ ઘિશિંગ સાથે સમાધાન કરીને ગોરખાલૅન્ડને બદલે સ્વાયત્ત દાર્જીલિંગ ગોરખા હિલ કાઉન્સિલની રચના કરીને ઘિશિંગને એના વડા બનાવાયા હતા. આ ઘિશિંગના સાથી રહેલા બિમલ ગુરુંગે તેમની સાથે છેડો ફાડીને ૨૦૦૭માં ગોરખા જનમુક્તિ મોરચાની રચના કરીને ગોરખાલૅન્ડની માગણીના ટેકામાં આંદોલન આદર્યું. અત્યારે સ્વાયત્ત કાઉન્સિલના નવસ્વરૂપ એવા ગોરખાલૅન્ડ ક્ષેત્રીય પ્રશાસન (ટૅરિટોરિયલ ઍડમિનિસ્ટ્રેશન)ના ચિફ ઍક્ઝિક્યુટિવ તરીકે ગુરાંગ છે. એની ૨૦૧૨માં યોજાયેલી ચૂંટણીમાં તૃણમૂલ સામે એમની પાર્ટીએ તમામ બેઠકો જીતી હતી. ભાજપનો એને ટેકો મળ્યો. ૨૦૦૯માં અહીંથી જ જશવંતસિંહ ભાજપના ઉમેદવાર તરીકે લોકસભામાં ચૂંટાયા. ભાજપના વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદીએ મે ૨૦૧૪ પણ ‘ગોરખાઓનું સ્વપ્ન છે (ગોરખાલૅન્ડ)નું એ જ મારું છે.’ એમ કહીને અહીંથી એસ. એસ. આહલુવાલિયાને ભાજપની ટિકિટ પર ચૂંટવા અપીલ કરી હતી. આહલુવાલિયા ચૂંટાયા, ૨૦૧૫માં એમણે ગોરખાલૅન્ડની રચનાની વાત કરી ત્યારે પક્ષના મોવડીમંડળે એમની વાત સાથે છેડો ફાડ્યો, પણ પછી એમને કેન્દ્રીય પ્રધાનપદનો સરપાવ જરૂર આપ્યો. મમતા સામે જીતીને બંગાળ કબજે કરવાનું ભાજપનું સ્વપ્ન અધૂરું છે. છેલ્લી વિધાનસભા અને લોકસભા ચૂંટણીમાં ભાજપે ખૂબ ધમપછાડા કર્યા પણ વાર ખાલી ગયો અને મમતા ફરી સરકાર રચવામાં સફળ રહ્યાં એ હાર ભાજપ પચાવી શકે તેમ નથી.

પશ્ચિમ બંગાળમાં કૂચબિહાર રાજ્યની માગણી છેલ્લા બે દાયકાથી ઊગ્ર બની રહી છે. અગાઉ કૂચબિહાર રાજ્યને ૧૯૪૯માં તેના મહારાજા જગદ્ દીપેન્દ્ર નારાયણે ભારતમાં વિલય કરવાનું પસંદ કર્યું ત્યારે તેને ગુજરાતના કચ્છ રાજ્યની જેમ જ ‘ક’ વર્ગના રાજ્યનો દરજ્જો અપાયો હતો. આ રાજ્યને હવે માત્ર જિલ્લાનું સ્વરૂપ જ અપાતાં ‘બૃહદ કૂચબિહાર પ્રજા સંઘ’ના મહામંત્રી બી. બી. બર્મનના નેતૃત્વમાં અલગ બૃહદ

**અનુસંધાન પાના નં. ૭ પર**